# અરવલ્લી જિલ્લામાં આદિવાસી ખેડૂતો દ્વારા ધરણા

મોડાસા, તા. ૧૦ અરવલ્લી જીલ્લામાં ભિલોડા અને મેઘરજ તાલુકામાં આદિવાસી સમાજ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. જીલ્લા કલેક્ટર કચેરી પરિસર આગળ ૧૦ ડિસેમ્બર માનવ અધિકાર દિવસને હનન દિવસ ગણાવી વન અધિકાર કાયદો-૨૦૦૬ તેના નીતિ નિયમો ૨૦૦૮/૨૦૧૨ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ તા. ૩-૫-૨૦૧૩ના ચુકાદાનો તેમજ કેન્દ્રીય આદિજાતિ મંત્રાલયના તથા આદિજાતિ કમિશ્નર ગુજરાત રાજ્યના જાહેર કરેલ અલગ અલગ પરિપત્રનો SDLC અને DLC અરવલ્લી જીલ્લા દ્વારા ગેરકાયદેસર ઉલ્લઘન કરી મનસ્વીરીતે વ્યક્તિગત અને સામુહિક દાવા અરજી તેમજ અપીલ અરજીઓ નામંજુર કરવામાં આવી રહી છે. તે અંગે વિરોધ નોંધાવી આદિવાસી મહાસભા અરવલ્લી દ્વારા પ્રતીક



તસવીર : મેહુલ જોષી

ધરણા યોજી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી.

વન અધિકાર કાયદો-૨૦૦૬ની અમલવારીમાં અરવલ્લી જીલ્લામાં આદિવાસી સમાજના વ્યક્તિગત અને સામુહિક અધિકારો સામે અન્યાય થતા જીલ્લા સેવા સદન કચેરી આગળ ૨૦૦થી વધુ મેઘરજ અને ભિલોડા તાલુકાના આદિવાસી ખેડૂતોએ પ્રતીક ધરણા યોજી દાવા અરજીઓના નિકાલ કરવાની પ્રક્રિયા અંગે જણાવ્યું હતું કે દવાવાળી જમીનની સ્થળ ચકાસણી કરવાની સત્તા માત્ર ગ્રામસભા અને વનઅધિકાર સમિતિની છે આ સત્તા મામલતદાર કે ફોરેસ્ટ વિભાગની નથી, દાવેદારે સાબિતી તરીકે રજુ કરેલ બાયસેગ સિવાય માન્ય ગુગ્લ્સ દ્રઈજીછ ૨૦૦૫ના નકશાને ગ્રાહ્ય રાખી પ્રક્રિયા કરવાની રહેશે. બાયસેગ નકશાને સાબિત તરીકે ગેરકાયદેસર ઠરાવવામાં આવેલ છે, જે દાવેદારોએ રીવીઝન અરજીઓ કરેલ છે તેવી અરજીઓનો નિકાલ સેટેલાઈટ ઈજનેરીના પરિપત્ર આધારે કરવાની રહેશે, નવા દાવા સ્વીકારવાની કોઈ સમય મર્યાદા નથી, સામુહિક અધિકારના દાવા માન્ય કરતી વખતે ફક્ત જેતે ગ્રામસભાને જ અધિકાર આપવાની જોગવાઈ હોવાની સહીત અનેક માંગણીઓ મુદ્દે અરવલ્લી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી યોગ્ય ન્યાયની માંગ કરી હતી.

# સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરવા માંગ

મોડાસા, તા. ૧૦ અરવલ્લી જીલ્લામાં ૧૭૧૫૩ હેક્ટરમાં ખેડૂતોએ



સોયાબીનનું વાવેતર કરી મબલખ ઉત્પાદન મેળવ્યું હતું. રાજ્ય સરકારે ટેકાના ભાવે સોયાબીન ખરીદવાની સાથે ૧ કવીન્ટલ સોયાબીનના ૩૩૯૯ રૂપિયા આપવાની જાહેરાત જોરશોરથી કરાયા બાદ આજદિન સુધી ટેકાના ભાવે સોયાબીનની ખરીદી શરુ ન થતા અરવલ્લી જીલ્લામાં સોયાબીનનું વાવેતર કરનાર ખેડૂતોની હાલત દયનિય બની છે. ખેડૂતો પૈસાની તાતી જરૂરિયાત અને વ્યવહાર સાચવવા માટે ખુલ્લા બજારમાં કવીન્ટલે ૨૦૦ રૂપિયાથી વધુનું નુકશાન ભોગવી ૩૨૦૦ રૂપિયે કવીન્ટલ મહામૂલો પાક સોયાબીન વેચવા મજબુર બન્યા છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં તાત્કાલિક અસરથી સોયાબીનની ટેકાના ભાવે ખરીદનો પ્રારંભ કરવાની માંગ કરી રહ્યા છે.

સમગ્ર રાજ્યમાં ખેડૂતોની કુદરતની થપાટ અને પાક ઉપજના પૂરતા પ્રમાણમાં ભાવ ન મળતા આત્મહત્યા કરવા મજબુર બન્યા છે. સરકાર દ્વારા સોયાબીનના ટેકાના ભાવ જાહેર કર્યા બાદ ખરીદી શરુ ન થતા ખેડૂતોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. ટેકાના ભાવે સરકાર ખરીદી શરુ કરશેની ચાતક નજરે રાહ જોઈ રહેલા ખેડૂતોની આશા ઠગારી નીવડતા ખુલ્લા બજારમાં કવીન્ટલે ૨૦૦ થી ૩૦૦ રૂપિયાની નુકસાની ભોગવી સોયાબીન વેચી રહ્યા છે.

મોડાસા માર્કેટયાર્ડમાં દરરોજ ૬૦૦ જેટલી બોરી સોયાબીનની અવાક થતી હોવાની માર્કેટયાર્ડના અધિકારી ઘનશ્યામભાઈએ જણાવ્યું હતું અને ખેડૂતોને સોયાબીનની માલની ગુણવત્તા પ્રમાણે ૩૨૦૦ રૂપિયા પ્રતિ કવીન્ટલે ભાવ પડી રહ્યો હોવાનું જણાવ્યું હતું. બીજબાજુ ખેડૂતોમાં ટેકાના ભાવે ખરીદી શરુ ન થતા ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

# અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૧૦ અરવલ્લી જીલ્લા પોલીસવડા મયૂરપાટીલની સૂચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશનની શખ્ત અમલવારી શામળાજી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે રવિવારે સાંજના સુમાર રતનપુર ચેકપોસ્ટ નજીક આવેલા



માટે જિલ્લા પોલીસતંત્રને આદેશ આપતા જીલ્લા પોલીસતંત્ર દ્વારા સરહદી વિસ્તારોમાં સઘન ચેકીંગ અને પેટ્રોલિંગ હાથ ધરાતા શામળાજી નજીકથી લકઝુરિયસ કારમાંથી લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ મળવાનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે સ્કોડા કારમાંથી રૂ.૧૪૮૮૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. અપેક્ષા મુજબ કારનો ચાલક પોલીસને થાપ આપી ફરાર થઈ ગયો હતો. અણસોલ ગામની સીમમાંથી સ્કોડા કાર (ગાડી.નં-એચઆર.૫૧. એસી.૪૭૬૯)માં છુપાવેલ ગેરકાયદેસર વગર પાસ પરમિટનો વિદેશી દારૂની છૂટી પ્લાસ્ટિક બોટલ નંગ-૩૭૨ કીં. રૂ.૧૪૮૮૦૦ તથા કારની કી. રૂ. ૫૦૦૦૦૦ મળી કુલ રૂ. ૬૪૮૮૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી પોલીસ નાકાબંધી જોઈ ફરાર કાર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ફરાર કારચાલકને ઝડપી પાડવા કવાયત હાથધરી હતી.

# સોનાસણમાં પૈસાની ઉઘરાણી બાબતે હુમલો કરી મોત નિપજાવનારને આજીવન કેદ

પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે ચાર વર્ષ અગાઉ પૈસાની ઉઘરાણી કરવા ગયેલા ચાર જણાએ ભેગા મળી એક આધેડ પર હુમલો કરી મોત નિપજાવી દીધાની ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી જે અંગેનો કેસ તાજેતરમાં એડીશનલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા ન્યાયાધીશે એક જણાને આજીવન કેદની સજા ફટકારી હતી જ્યારે અન્ય ત્રણ જણાને એક વર્ષની સજા કરી છે.

આ અંગેની વિગત એવી છે કે ગત તા. ૧૩-૬-૨૦૧૪ના રોજ સોનાસણ ગામે રહેતા મગનભાઈ લાલાભાઈ વણકરને ગામના જ રણજીતસિંહ પ્રહલાદજી પરમાર તથા તેમના ભાઈઓએ મગનભાઈના ઘરે જઈને ઉછીના આપેલા પૈસાની માંગણી કરી જાતિ વિરૂદ્ધ ઉચ્ચારણો કરી હુમલો કર્યો હતો જેમાં રણજીતસિંહ પરમારે લોખંડની મુડ વડે સંજયભાઈને મારવા જતા વચ્ચે પડેલા તેમના પિતા મગનભાઈને પીઠ પર તથા શરીરના અન્ય ભાગે ઈજા થઈ હતી જેના કારણે તેમને તત્કાલિન સમયે સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા જ્યા તેમનું મોત નિપજ્યું હતું.

ત્યારબાદ સંજયભાઈ પરમારે તરત જ રણજીતસિંહ પરમાર તથા તેમના ભાઈ બળવંતજી, અશોકજી અને વિક્રમસિંહે પણ આ સમયે હાજર રહીને ઘર આગળ ઉભી રાખેલ એક વાહનને નુકશાન પહોંચાડ્યુ હતુ. જેથી સંજયભાઈએ ચારેય જણા વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

જે અંગેનો કેસ તાજેતરમાં હિંમતનગરની એડીશનલ સેસન્સ કોર્ટના ન્યાયાધીશ બી.એસ. શાહની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ અરવિંદભાઈ પટેલ તરફથી રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવા અને દલીલોના ગ્રાહ્ય રાખી મગનાઈ પરમાર પર લોખંડની મુઠથી હુમલો કરી મોત નિપજાવનાર રણજીતસિંહ પરમારને આજીવન કેદની સજા ફટકારી હતી.

# નખશીખ પ્રમાણિક અને મૃદુભાષી કર્મયોગી : જગદીશચંદ્ર ઠક્કર

ગુજરાતના ૬થી વધુ મુખ્યમંત્રીશ્રીઓના સળંગ જનસંપર્ક અધિકારી રહી ચૂકેલા, રાજયના માહિતીખાતામાં સહાયક માહિતી નિયામક તરીકે કારકીર્દી શરૂ કરનારા, એક સારા લેખક અને એથીય વધુ એક ઉમદા સંવેદનશીલ માનવી, થાક્યા વિના ધોધમાર સરકારી લેખનકાર્ય કરી શકનારા, માહિતીખાતાના કોઈ પણ કર્મચારી - અધિકારીના આદર્શ સમા શ્રી જગદીશચંદ્ર ઠક્કરે, ચાહે કોંગ્રેસના, રાજપાના, જનતાદળના કે ભાજપાના કોઈપણ મુખ્યમંત્રી રહ્યા હોય, સૌને એકસમાન સ્વીકાર્ય રહીને, આ મુખ્યમંત્રીશ્રીઓના કાર્યાલયોમાં પાછલા ચાર દાયકાઓથી તેઓના જનસંપર્ક અધિકારી તરીકે જે નિષ્ઠાપૂર્વક સેવાઓ બજાવી છે, તેનો જોટો જડે તેમ નથી. જનસંપર્ક અધિકારી જગદીશચંદ્ર ઠક્કરના પેંગડામાં પગ નાખી શકે, તેવો કોઈ માહિતી અધિકારી તેઓ હતા ત્યારેય નહોતો ને આજે તેઓ નથી ત્યારેય પણ નથી જ.



છેક ૧૯૬૬માં માહિતીખાતામાં જોડાયેલા અને એકવાર મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં જનસંપર્ક અધિકારી તરીકે જોડાયા પછી સતત જે આવ્યા તે મુખ્યમંત્રીશ્રીઓના જનસંપર્ક અધિકારી તરીકે અવિરત રહેલા જગદીશચંદ્ર ઠક્કર કોઈ નવા મુખ્યમંત્રીશ્રીના આવ્યા પછીના બદલાયેલા આખેઆખા સ્ટાફમાં એક માત્ર ટકી રહેલા - સ્વીકાર્ય ને સર્વમાન્ય જનસંપર્ક અધિકારી રહી શક્યા, એ એમની સમર્પિત સરકારી સેવા અને સાચા કર્મયોગી હોવાનું જ્વલંત ઉદાહરણ બની રહ્યું.

અગાઉ અનેક મુખ્યમંત્રીશ્રીઓના ँઈ રહી ચૂકેલા જગદીશચંદ્ર ઠક્કરને ૨૦૦૧માં આગવી કાર્યશૈલીના ધની નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી પદે આરુઢ થયા ત્યારે, અમને સૌને એમ હતું કે, આ મુખ્યમંત્રીશ્રી આગળ જગદીશભાઈ નહીં ટકી શકે ! પણ ૨૦૦૧માં તેઓ નરેન્દ્રભાઈ મોદીનાँઈ તરીકે જ સેવારત રહ્યા ને એ જ નિષ્ઠાભરી ઉદ્યમશીલતા સાથે તેઓ નરેન્દ્ર મોદીનો પણ એ હદે વિશ્વાસ કેળવી શક્યા કે, ૨૦૦૪માં અધિક માહિતી નિયામકના પદ સાથેની વયનિવૃત્તિ પછી પણ જ્યાં સુધી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા ત્યાં સુધી એમની જનસંપર્ક અધિકારી તરીકેની સેવામાં એક્ષ્ટેન્શન મેળવતા રહ્યા. તે ત્યાં સુધી કે નરેન્દ્ર મોદી ભારતના વડાપ્રધાન બન્યા ત્યારે પણ તેમના જનસંપર્ક અધિકારી તરીકે વડાપ્રધાનના કાર્યાલયના એક ગુજરાતી જનસંપર્ક અધિકારી તરીકે તેમને વડાપ્રધાન કાર્યાલયમાં લઈ જવાયા, જ્યાં એમના છેલ્લા શ્વાસ સુધી તેઓ કાર્યરત રહ્યા.

ન ભૂતો ન ભવિષ્યતિ જેવા આ માહિતીકર્મીના અવસાનથી, સમર્પિતભાવે, સાચી કર્મનિષ્ઠાથી સેવા બજાવનાર હજારો - લાખો કર્મયોગીઓ દુ:ખ અને આઘાતની લાગણી અનુભવશે.

દિલચોરી વિના મારે એ કહેવું જોઈએ કે, સંયુક્ત માહિતી નિયામક પદેથી નિવૃત્ત થયેલા અને રાજ્યપાલશ્રી તથા રાજ્ય પોલીસ વડાના જનસંપર્ક અધિકારી રહી ચૂકેલા મારા સમેત, મારા જેવા બીજા સાથી અધિકારીઓને જીવનભર એવો ભ્રમ રહ્યો કે, જગદીશભાઈની જગ્યાએ તો આપણે પણ કામ કરી શકીએ ! પણ એ ફાંકો જગદીશભાઈને કામ કરતા જોઈ હવા થઈ જતો !

મુખ્યમંત્રીશ્રીઓના ગુજરાતભરમાં કાર્યક્રમો હોય - એકથી વધુ કાર્યક્રમો એક સાથે હોય. જગદીશભાઈ જ્યાં કાર્યક્રમ હોય ત્યાં મુખ્યમંત્રીશ્રીની સાથે જ હેલીકોપ્ટરમાંથી ઉતરે, ઉતરે એવા સંબંધિત માહિતી અધિકારીને ખોળે, મળે અને લેશન આપી દે. મુખ્યમંત્રી અડધા કે પોણા કલાકનું ભાષણ આપી, તુરત બીજા કાર્યક્રમમાં જવા હેલીકોપ્ટરમાં બેસે ત્યાં તેમની જોડે જ જગદીશભાઈ પણ, એ આખા કાર્યક્રમની તંતોતંત અખબારી યાદી એમના ફરજિયાતપણે વંચાય જ એવા અક્ષરોમાં લખીને, જે તે માહિતી અધિકારીને વળગાડીને ઉડી જ ગયા હોય ! મુખ્યમંત્રીના પ્રવચનમાં કોઈ મોટી જાહેરાતની આંકડાકિય માહિતી હોય તો અચૂક એની નીચે અંડરલાઈન એમણે મારી જ હોય. સરકારી પ્રેસનોટના પાંચ થી છ ધ્યાનાકર્ષક શીર્ષક તો વળી અચૂક હોય જ.

જગદીશભાઈ જેટલી ત્વરાથી, સટીકપણે, મુખ્યમંત્રી બોલીને પુરુ કરે, બરાબર એટલા જ સમયમાં, કોઈ પણ ભુલ વિનાની અખબારી યાદી જે લખી શકતા, તેવી આવડત ને કાર્યકુશળતા હું મારી ૩૪ વર્ષની માહિતીખાતાની કારકીર્દીમાં કોઈનામાં ક્યાંય જોઈ શક્યો નથી.

જિલ્લામાંથી કચેરી કામે વડી કચેરી ગાંધીનગર આવીએ ત્યારે એ કામ પત્યા પછી મુખ્યમંત્રી કાર્યાલયમાં - મુખ્યમંત્રીશ્રીની ચેમ્બરના ફ્લોર પર જ બેસતા જગદીશભાઈને અમે મળતાં. ક્યારેય કોઈ અધિકારીએ એમને એમની ખુરશીના હાથા પર હાથ ટેકવી, લાંબા થઈ નિરાંતે બેઠેલા જોયા નથી. એ કશુંક ને કશુંક વાંચતા જ હોય. વાંચતા જ હોય ને વાત કરતા હોય.

૨૦૧૪માં મારા નિવૃત્ત થયા પછી અને તેઓ વડાપ્રધાનના જનસંપર્ક અધિકારી તરીકે કાર્યરત હતા ત્યારે એકાદ વર્ષ પહેલાં મારે દિલ્હી જવાનું થયું ત્યારે, મેં એમને ફોન કરી મળવાની ઈચ્છા જતાવી. એમણે મને દિલ્હીના એમના સરકારી ક્વાર્ટરે બોલાવ્યો, અત્યંત વ્યસ્તતા વચ્ચે પણ ૧૫ મિનિટ સુધી અમે વાતો કરી, એમની ચા અને ચાહ બેય પીને હું છૂટો પડ્યો, એ એમને મેં રૂબરૂ જોયાનું છેલ્લું સ્મરણ. મારા પ્રકાશિત થયેલા પુસ્તકો હું એમને આપતો, એ વાંચતા ને મળે ત્યારે પ્રતિભાવ પણ આપતા. સાચા અર્થમાં તેઓ Voracious Reader હતા.

દિલ્હીના એમના નિવાસસ્થાનેની મારી એ બેઠક દરમિયાન એમની આ ઉજ્જવળ અને પથદર્શક કારકિર્દી વિશે એક આલેખ લખવાની ઈચ્છા મેં વ્યક્ત કરેલી, પણ બહુ જ વિનમ્રતાથી એમણે મને ના પાડેલી અને કહેલું : 'હાલ હું અહીંયા છું એટલે સારું નહિ લાગે. કોઈને લાગશે, પોતાનો પ્રચાર કરે છે. રહેવા દો, નટુભાઈ.' .....ને આજે એ કેવો વિચિત્ર સંયોગ છે, જ્યારે તેઓ નથી ત્યારે એમને શ્રધ્ધાસુમન રૂપે મારે આ પેન પકડવી પડી છે.

વડાપ્રધાન અને મુખ્યમંત્રીશ્રીઓના PRO હોવા છતાં સદાય પોતાના સાદગીસભર વ્યક્તિત્વને બરકરાર રાખી શકેલા, જગદીશભાઈ ન માત્ર માહિતી ખાતામાં કિન્તુ ગુજરાતના આખા વહીવટીતંત્રમાં એમની અણનમ અને વણથક સેવાકીય કારકિર્દી માટે સૌના આદરપાત્ર બની રહ્યા હતા. માહિતીખાતાનું પોતાનું એક વજૂદ છે, પણ જગદીશભાઈ સતત મુખ્યમંત્રી કાર્યાલયમાં બેઠા હોવાને કારણે માહિતી ખાતા માટે ક્યારેક મોટો પ્રશ્ન કે પડકાર આવી જાય, એવી કોઈ કામગીરીમાં એમના હોવાપણાને કારણે ઘણી મુશ્કેલીઓ ઉભી થતા પહેલાં જ અસ્ત પામી જતી, એમ કહેવામાં પણ અતિશયોક્તિ નથી.

જગદીશચંદ્ર ઠક્કર, આપે સરકારમાં સમર્પિતભાવે સુદીર્ઘ સેવાઓ બજાવીને જે મિસાલ કાયમ કરી છે, તેણે સરકારના હજારો કર્મયોગીઓને એક દિશા ચીંધી છે, જે સરકારી સેવાના ઈતિહાસમાં ક્યારેય ન ભૂંસાય તેમ લખાઈ ગઈ છે. રાજ્યના પ્રચારતંત્ર સમા માહિતીખાતા અને તેના માહિતીકર્મીઓ માટે આપે જે આદર્શ - જે સમીસ્તંભો સ્થાપિત કર્યા છે, એ હંમેશા યાદ રહેશે.

સ્વ. જગદીશચંદ્ર ઠક્કર આપને મારા હૃદયપૂર્વકના શ્રદ્ધા સુમન.

- નટુભાઈ પરમાર

## અગ્નિ-૫... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મિસાઈલ ૧.૫ ટન સુધી ન્યુક્લિયર વોરહેડ લઈને ત્રાટકવામાં સક્ષમ છે. ચીન સહિત સમગ્ર એશિયા તેના હિટલિસ્ટમાં છે. હજુ સુધી આ પહેલા પણ આના ટેસ્ટ કરવામાં આવી ચુક્યા છે. છેલ્લુ પરીક્ષણ ત્રીજી જૂન ૨૦૧૮ના દિવસે કરવામાં આવ્યું હતું. તે પહેલા ૧૮મી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મિસાઈલના હજુ સુધી પાંચ પરીક્ષણ કરાયા છે. તમામ પાંચેય પરીક્ષણ સંપૂર્ણપણે સફળ રહ્યા છે. તે અગાઉ ટેસ્ટ ૨૬મી ડિસેમ્બર ૨૦૧૬ના દિવસે કરાયું હતું તે પહેલા ૧૯મી એપ્રિલ ૨૦૧૨ના દિવસે પ્રથમ પરીક્ષણ, ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે બીજુ પરીક્ષણ અને ૩૧મી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે ત્રીજુ પરીક્ષણ કરાયું હતું.

## રીટ્રાન્સપ્લાન્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવણી માટે વનતંત્રને વળતર પણ ચુકવી દેવાયુ છે. જયારે હાલ તંત્ર દ્વારા આ રૂટમાં વૃક્ષોના ટ્રાન્સપ્લાન્ટનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. આજે પણ આ કામગીરી ચાલુ રહી હતી. રૂટમાં આવતા ૬ હજાર જેટલા વૃક્ષોને રીટ્રાન્સપ્લાન્ટ કરવા માટે મશીનરીની મદદથી કામગીરી હાથ ધરવામાં આવી છે. આ રૂટના વૃક્ષોન અડાલજ બ્રિજ પાસેની જગ્યામાં તેમજ કોલેજ સંકુલમાં રીટ્રાન્સપ્લાન્ટ કરાશે. જેના લીધે વૃક્ષોને કાપવા નહીં પડે વનતંત્રએ મશીનરી સાથે વૃક્ષોને ટ્રાન્સપ્લાન્ટ કરવા માટે કામગીરી શરૂ કરી દેવાતા પ્રકૃતિ પ્રેમીઓમાં પણ હાંશકારો પ્રવર્તયો છે.

## જગદીશ ઠક્કર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને મધ્યમ અખબારો માટે માર્ગદર્શક, મિત્ર અને સ્નેહી બની રહ્યા. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્ય પ્રધાનપદે બિરાજમાન હતા ત્યારે અનેક કપરી ક્ષણોમાં તેઓએ બખુબી જનસંપર્ક અધિકારી તરીકે ફરજ બજાવી. તેમની આ ખુબી જ તેઓને દિલ્હી સુધી લઈ ગઈ.

દિલ્હીમાં વડાપ્રધાનનુ કાર્યાલય એ દેશનુ પાવર હાઉસ ગણાય. જો કે જગદીશભાઈનુ વ્યક્તિત્વ જ એવુ કે તેઓ ક્યારેય રાજકારણના કે હોદ્દાના અહંકારીપણામાં દોરવાયા નહી. તેમનુ આ નિખાલસપણુ તેઓએ જીવનના અંત સુધી નિભાવ્યુ. છેલ્લા બે માસથી તેઓ માંદગીમાં પટકાયા હતા. દિલ્હી એઈમ્સ ખાતે તેમની સારવાર ચાલી રહી હતી. પોતાની આગવી ઓળખ અને છાપ મુકીને અનંતયાત્રાએ ચાલી નીકળેલા સ્વ. જગદીશભાઈ ઠક્કરની ખોટ ક્યારેય પુરાશે નહી.

## સલામત નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી પોલીસ તંત્રને જાણ કરવામાં આવી છે. પરંતુ વર્ષોના અંતે પણ પોલીસ પહેરો ગોઠવવા માટે કોઈ આયોજન થતુ નથી. જેના લીધે ડેપો સંકુલમાં અવરજવર કરતા ગઠીયાઓ વધુ બિન્દાસ્ત બન્યા છે. રાજયના પાટનગરમાં જ એસ ટી ડેપો જેવા જાહેર સ્થળે મુસાફરો તસ્કરીનો ભોગ બની રહ્યા છે. એસ ટી ની સવારી સલામત હોવાના સુત્રો પાકારતા એસ ટી નિગમે પણ આ મામલે પુરતો રસ દાખવાની જરૂર છે. સલામત સવારીના મુસાફરો ડેપો સંકુલમાં જ સલામત નથી.

## લાલઆંખ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હરકતમાં આવ્યુ છે. બન્ને દ્વારા સંયુક્ત ઉપક્રમે નો પાર્કીંગ ઝોનમાં ઉભા રહેતા વાહનચાલકોને દંડ કરવામાં આવ્યો હતો. પથિકાશ્રમ , અડાલજ અને ચિલોડા સહીતના વિસ્તારમાં ૧૫ જેટલા વાહનચાલકો પાસેથી ૧૯ હજાર જેટલો દંડ વસુલવામાં આવ્યો હતો. આ ઉપરાંત લાયસન્સ , પીયુસી, આર સી બુક વિનાની ૧૭ જેટલી કાર પણ તંત્રુ દ્વારા ડીટેઈન કરવામાં આવી છે. આગામી દિવસોમાં ગેરકાયદેસર રીતે દોડતા વાહનો સામે પણ તંત્ર દ્વારા કડક પગલા લેવાશે.

## પરિણામ

● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈ શકે છે. આવી જ રીતે છત્તિસગઢમાં અજિત જોગીની પાર્ટી અને અપક્ષ ઉમેદવારોની ભૂમિકા ચાવીરૂપ બની જશે. તેલંગણામાં પણ ત્રિશકુ વિધાનસભા રચાય છે તો રમત રોમાંચક બની જશે. ઓવેસીની પાર્ટી અને ભાજપ મોટી ભૂમિકા અદા કરી શકે છે. ભાજપે રાજ્યના હિતમાં વાત કરી હતી. મિઝોરમમાં પણ કોઈને બહુમતિ મળે તેવા સંકેત ઓછા દેખાઈ રહ્યા છે. પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સાતમી ડિસેમ્બરના દિવસે એક્ઝિટ પોલના તારણો જારી કરવામાં આવ્યા હતા.પોલ મુજબ રાજસ્થાનમાં કોંગ્રેસની જીત સ્પષ્ટપણે દેખાઈ રહી છે જ્યારે તેલંગાણામાં ટીઆરએસની જીત દેખાઈ રહી છે. બીજી બાજુ મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં પણ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખુબ નજીકની સ્પર્ધા દેખાઈ રહી છે. જો એક્ઝિટ પોલના તારણ કેટલા સાચા સાબિત થાય છે તે અંગે આવતીકાલે ૧૧મી ડિસેમ્બરના દિવસે ફેસલો થશે.પોલમાં કહેવામાં આવ્યુ છે કે રાજસ્થાનમાં છેલ્લા ૨૫ વર્ષથી ચાલી રહેલી પરંપરા અકબંધ રહી શકે છે. પાંચ વર્ષના ગાળા બાદ કોંગ્રેસ પાર્ટી એન્ટ્રી કરી રહી છે. મિઝોરમમાં કોંગ્રેસ પાર્ટી સત્તાથી બહાર થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. એક્ઝિટ પોલના તારણો ચાવીરુપ રાજ્યમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે નજીકની સ્પર્ધા દર્શાવી રહ્યા છે. મધ્યપ્રદેશની વાત કરવામાં આવે તો આઠ એક્ઝિટ પોલના તારણ કોંગ્રેસને ૧૧૩ સીટ અને ભાજપને ૧૦૭ સીટ તેમજ અન્યોને ૧૦ સીટ આપી રહ્યા છે. મધ્યપ્રદેશમાં ૨૩૦ વિધાનસભા સીટો છે અને બહુમતિ માટેની સંખ્યા ૧૧૬ રહેલી છે. ૨૦૧૩માં ભાજપે ૧૬૫ સીટો જીતી હતી

અને કોંગ્રેસે ૫૮ સીટો જીતી હતો. ચાર સીટો બસપ અને ત્રણ સીટો અન્યોને મળી હતી. આવી જ રીતે છત્તીસગઢમાં પણ ભાજપ અને કોંગ્રેસની નજીકની સ્પર્ધા દેખાઈ રહી છે. આઠ એક્ઝિટ પોલમાં ત્રિશંકુ વિધાનસભાની આગાહી કરવામાં આવી છે જેમાં ભાજપને ૪૦, કોંગ્રેસને ૪૪ અને અન્યોને ૬ સીટો મળી રહી છે. છત્તીસગઢમાં વિધાનસભાની ૯૦ સીટો છે. બહુમતિનો આંકડો ૪૬ છે. ભાજપ ૨૦૧૩માં ૪૯ સીટ જીતી ગયું હતું જ્યારે કોંગ્રેસને ૩૯ સીટો મળી હતી. રાજસ્થાનમાં કોંગ્રેસની જીત નિશ્ચિત દેખાઈ રહી છે. છ એક્ઝિટ પોલના તારણ પાર્ટી માટે સ્પષ્ટ જીત દર્શાવે છે. તેલંગાણામાં ચંદ્રશેખર રાવની સ્થિતિ મજબૂત દેખાઈ રહી છે જ્યારે કોંગ્રેસ પાર્ટી મિઝોરમમાં એકમાત્ર ગઢ પણ ગુમાવવા જઈ રહી છે. ઉત્તરપૂર્વમાં આની સાથે જ તેના તમામ ગઢ હાથમાંથી નિકળી ગયા છે. એક્ઝિટ પોલ મુજબ એમએનએફને ૧૬થી ૨૦ સીટો મળી રહી છે જ્યારે કોંગ્રેસને ૧૪-૧૮ સીટ મળી રહી છે.

## રાજીનામું

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ એવી જ છે જેવી પહેલા હતી. રાજ્યમાં શિક્ષણ અને આરોગ્ય વ્યવસ્થા ભાંગી પડી છે. વિપક્ષની બેઠકમાં સામેલ થવાના સંકેત કુશવાહે પહેલાથી જ આપ્યા છે. કુશવાહ અને નીતિશકુમાર વચ્ચે ખેંચતાણનો ઈતિહાસ લાંબો રહ્યો છે. કુશવાહે રાજીનામું આપ્યા બાદ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર ઉપર પણ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે નીતિશ કુમારના શાસનમાં બિહારમાં ખુબ અન્યાય થયો છે. રાજ્ય સરકાર દરેક મોરચા ઉપર નિષ્ફળ સાબિત થઈ છે. નીતિશ કુમાર અને ભાજપે તેમની પાર્ટીને બરબાદ કરવાના પ્રયાસ કર્યા છે. નીતિશ કુમારે તેમને રાજકીય રીતે ખતમ કરવાના પ્રયાસ કર્યા છે. ભાજપે પણ તેમને નુકસાન પહોંચાડવાના પ્રયાસ કર્યા છે. કુશવાહે કહ્યું હતું કે બેઠકોની વહેંચણીને લઈને તેઓ મોદીને મળવા માંગતા હતા પરંતુ મળવા માટેનો સમય આપવામાં આવ્યો ન હતો. કુશવાહની પાર્ટી બુધવારના દિવસે મોદી સરકાર અને નીતિશકુમારથી નાખુશ દેખાઈ હતી.

## લીલી ઝંડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોટો દિવસ છે. બ્રિટન કોર્ટનો ચુકાદો સ્વાગતરૂપ છે. યુપીએના ગાળા દરમિયાન આ અપરાધીને લાભ થયા હતા. એનડીએ સરકાર તેને પરત લાવી રહી છે. બીજી બાજુ સીબીઆઈના પ્રવક્તાએ કહ્યું છે કે આ કેસને ટુંકમાં જ પૂર્ણ કરી લેવાશે અને તેમને ભારત લવાશે. કિંગ ફિશર એરલાઈન્સના પ્રમુખ રહી ચુકેલા ૬૨ વર્ષીય વિજય માલ્યા પર ૯૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડીનો આક્ષેપ થયેલો છે. આ કૌભાંડ બાદ વિજય માલ્યા ભારત છોડીને ફરાર થઈ ગયા હતા અને હાલમાં બ્રિટનમાં છે. ગયા વર્ષે એપ્રિલ મહિના બાદથી પ્રત્યાર્પણ વોરંટ જારી કરાયા બાદથી વિજય માલ્યા જામીન ઉપર છે. માલ્યા પોતાની સામે રહેલા મામલાને રાજકીય પ્રેરિત ગણાવી રહ્યા છે. માલ્યાએ ગઈકાલે જ કહ્યું હતું કે કોઈપણ લોન લીધી નથી. આ લોન કિંગ ફિશર એરલાઈન્સે લીધી છે. કારોબારી નિષ્ફળતાના કારણે પૈસા ડુબી ગયા છે. ગેરંટી આપવાનો મતલબ એ નથી કે તેમને છેતરપિંડી કરનાર વ્યક્તિ તરીકે ગણાવવામાં આવે. માલ્યાની સામે પ્રત્યાર્પણનો મામલો મેજિસ્ટ્રેટની કોર્ટમાં છેલ્લી ચાર ડિસેમ્બરના દિવસથી ચાલી રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, સાતમી ડિસેમ્બરના દિવસે સુપ્રીમ કોર્ટે માલ્યાને મોટો ફટકો આપ્યો હતો. એ વખતે સુપ્રીમ કોર્ટે વિજય માલ્યાને મોટો ફટકો આપીને તેમની સામે ઈડી દ્વારા દાખલ કરવામાં આવેલી કાર્યવાહી માટેની અરજી ઉપર પ્રતિબંધ મુકવાનો ઈન્કાર કરી દીધો હતો. હાલમાં બ્રિટનમાં રહેતા વિજય માલ્યાએ પોતાના વકીલ મારફતે ભારતમાં સુપ્રીમ કોર્ટમાં ઈડીની કાર્યવાહી પર પ્રતિબંધ મુકવાની અરજી દાખલ કરી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે આ અરજીને ફગાવી દીધી હતી. હકીકતમાં ઈડીએ વિજય માલ્યાને ફરાર આર્થિક અપરાધી જાહેર કર્યો હતો અને તેમની સંપત્તિ જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી હતી. માલ્યાએ આ પ્રક્રિયા ઉપર પ્રતિબંધ મુકવાની માંગ કરીને સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે માલ્યાને રાહત આપવાના બદલે ઈડીને નોટિસ જારી કરીને તેની પ્રક્રિયાને આગળ વધારવાનો આદેશ આપ્યો હતો. જુદી જુદી બેંકોના ૯૦૦૦ કરોડ રૂપિયાની લોન લઈને વિજય માલ્યા દેશમાંથી ફરાર થઈ ગયા હતા. ભારત સરકાર તેમને

## શિયાળુ સત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

શકે છે. સત્તા પક્ષ રામ મંદિરના મુદ્દાને ચગાવાવા માટેની યોજના પણ ધરાવે છે. સરકાર પર હાલમાં દબાણ લાવવામાં આવી રહ્યુ છે કે રામ મંદિર પર વટહુકમ લાવવામાં આવે અથવા તો કાનુન બનાવીને રામ મંદિરના નિર્માણને લઈને રસ્તો કરવામાં આવે. આવી સ્થિતીમાં મોદી સરકાર જોરદાર ભીંસમાં દેખાઈ રહી છે. વિરોધ પક્ષો ખેડુતોની સમસ્યાને લઈને કેટલીક રજૂઆત કરી શકે છે. ભાજપના લોકો સંસદના બંને ગૃહોમાં રામ મંદિરના નિર્માણ પર બિન સરકારી બિલ રજૂ કરીને વિરોધ પક્ષોને ભીંસમાં લેવા માટે પ્રયાસ કરશે. આ સત્ર ખુબ જ મહત્વપૂર્ણ સાબિત થનાર છે. સત્રમાં કેટલાક ચાવીરૂપ બિલ પર ભાર મુકવામાં આવનાર છે. સરકાર સત્ર દરમિયાન ત્રિપલ તલાક બિલ, રાષ્ટ્રીય મેડિકલ કમીશન, બિન નિયામક જમા યોજના, બિલ પર ધ્યાન આપશે. સરકાર કૃષિ, પશુપાલન, રોજગાર, ઉદ્યોગ, આવાસ યોજના, આર્થિક ક્ષેત્રમાં પોતાની સિદ્ધીઓને રજૂ કરવાના પ્રયાસ કરશે. અન્ય કેટલાક મુદ્દા પણ છે જે જોરદાર ગરમી જગાવી શકે છે. જેમાં મોંઘવારી, આર્થિક વિકાસને લઈને પ્રશ્નો પણ ઉઠી શકે છે. સંસદના શિયાળુ સત્રમાં મહિલા અનામત બિલના મુદ્દે કોંગ્રેસ પાર્ટી સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કરશે. રાહુલ ગાંધીએ મુખ્યમંત્રીઓને પત્ર લખીને આ અંગે સમર્થનની માંગ કરી છે. ઓરિસ્સાના મુખ્યમંત્રી નવિન પટનાયકે પણ વડાપ્રધાનને આ સંબંધમાં પત્ર લખ્યો છે અને આ સત્રમાં જ બિલને ઉઠાવવાની માંગ કરી છે. મહિલા અનામત બિલ લોકસભા અને રાજ્યસભામાં ૩૩ ટકા મહિલા અનામતની ભાગીદારીની ખાતરી કરે છે.